ગ્રામજનોની વાતો પરથી શંકા જતા મધરાતે સ્મશાનમાં ખોદકામ કરાયું

બેડલા ગામે યુવકને લાકડીથી ફટકારી હત્યા બાદ સ્મશાનમાં મૃતદેહ દાટી દીધો

યુવક સાથે ઝઘડો ઉગ્ર બનતા લાકડી વડે માર માર્યાની શખ્સની કબૂલાત

- **લાશના પીએમમાં માથામાં ગંભીર ઇજાથી મોત થયાનું ખુલ્યું**

કાઈમ રિપોર્ટર | રાજકોટ

શહેરના કુવાડવા પંથકના બેડલા ગામે અણબનાવમાં એક યુવકની હત્યા કરી તેનો મૃતદેહ ગામના સ્મશાનમાં દાટી દેવાની ચકચારી ઘટના સામે આવી છે. એરપોર્ટ પોલીસને પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે તપાસ હાથ ધરતાં સમગ્ર બનાવનો ભેદ ઉકેલાયો હતો. પોલીસે સ્મશાનમાં ખોદકામ કરાવી જમીનમાં દાટેલો મૃતદેહ બહાર કાઢી ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. પીએમ રિપોર્ટમાં યુવકના માથામાં ભારે હથિયારના ઘા લાગતાં મોત નીપજ્યું હોવાનું સામે આવતાં પોલીસે હત્યાનો ગુનો નોંધી આરોપી દંપતીની ધરપકડ કરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, બેડલા ગામે જીગા કબીરાના ઘરે રહેતો સંજયભાઈ હકાભાઈ વાઘેલા(ઉ.વ.25) છેલ્લા બે-ત્રણ દિવસથી ગુમ હતો. દરમિયાન એરપોર્ટ પોલીસ પેટ્રોલિંગમાં હતી ત્યારે ગ્રામજનોની વાતો પરથી જાણવા મળ્યું કે, સંજયની તેના જ કુટુંબીએ લાકડી વડે માર મારી હત્યા કરી મૃતદેહ દાટી દીધો છે. વધુમાં ગત તા.6ના રોજ રાત્રિના સમયે ગામના કેટલાક લોકોએ આરોપી દંપતીને સ્મશાનમાં શંકાસ્પદ હાલતમાં પણ જોયા હોવાનું સામે આવ્યું હતું.

બાતમીના આધારે એરપોર્ટ પીઆઈ કે.પી. તરેટિયાની ટીમે તપાસ શરૂ કરી હતી. પોલીસે તા.10ની મધરાતે એફએસએલની ટીમ સાથે સ્મશાને પહોંચી સ્થાનિકોની પૂછપરછ હાથ ધરી હતી. ત્યારબાદ શંકાસ્પદ સ્થળે ખોદકામ કરાવતા જમીનમાં દાટેલો મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસે મૃતદેહ બહાર કાઢી ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલ ખસેડ્યો હતો.

સિવિલ હોસ્પિટલમાં કરાયેલા પોસ્ટમોર્ટમ દરમિયાન મૃતક સંજયના માથામાં ભારે હથિયાર વડે ઈજા પહોંચતા મોત થયું હોવાનું સ્પષ્ટ થયું હતું. ત્યારબાદ પોલીસે બેડલા ગામે રહેતા જીગ્નેશ ઉર્ફે જીગો કાળુ કબીરા(ઉ.વ.30) અને તેની પત્ની હિના જીગ્નેશ કબીરા(ઉ.વ.28) ને ઝડપી લઈ પૂછપરછ હાથ ધરી હતી.

પૂછપરછ દરમિયાન આરોપીઓએ કબૂલ્યું હતું કે, સંજય છેલ્લા પાંચ વર્ષથી તેમની સાથે જ રહેતો હતો. ગત તા.6ના રોજ કોઈ બાબતે થયેલી અણબનાવ અને માથાકૂટ ઉગ્ર બનતા જીગ્નેશે સંજયને લાકડી વડે ઢોરમાર માર્યો હતો. ગંભીર ઈજાઓ થતાં તેનું મોત નીપજ્યું હતું.

બનાવ બાદ પોલીસથી બચવા આરોપીએ મૃતદેહને ગામના સ્મશાને લઈ જઈ દાટી દેવાનો પ્લાન બનાવ્યો હતો, જેમાં તેની પત્ની હિનાએ પણ મદદ કરી હતી. એરપોર્ટ પોલીસે આરોપી દંપતી વિરુદ્ધ હત્યા સહિતની કલમો હેઠળ ગુનો નોંધી બંનેની ધરપકડ કરી છે. સાથે જ મૃતકના સુરતમાં રહેતા દાદીને બનાવ અંગે જાણ કરી મૃતદેહ સોંપવાની કાર્યવાહી હાથ ધરી છે.

પતંજલિના લોટની સાથે દારૂની 10 હજાર બોટલ લઈ આવેલો ટ્રકચાલક પકડાયો

અમદાવાદ । અમદાવાદના સરખેજ પીઆઈ એલ. એલ. ચાવડાએ સનાથલ સર્કલ પાસે વૉચ ગોઠવી હતી. પોલીસે તપાસ કરતાં તાડપતરી નીચે પતંજલિના ઘંઉના લોટના 115 કટ્ટા તેમજ અન્ય 680 કાર્ટૂન મળ્યાં હતાં. પોલીસે તમામ કટ્ટા અને કાર્ટૂન ખાલી કરતાં દારૂની 5088 અને બિયરનાં 4536 મળી રૂ.76.56 લાખનાં કુલ 9624 બોટલ-ટીન મળ્યાં હતાં જ્યારે10 લાખની પતંજલિની પ્રોડક્ટ અને ટ્રક મળીને કુલ રૂ. 1.01 કરોડનો મુદ્દામાલ મળ્યો હતો. પોલીસે ટ્રક ડ્રાઈવર વગતારામ જગમાલ રામ બેનીવાલ જાટ (38)ની ધરપકડ કરી જથ્થો જપ્ત કર્યો હતો.

અમદાવાદ-રાજકોટ હાઈવે પર ટ્રકમાંથી રૂ.44.79 લાખનો વિદેશી દારૂ ઝડપાયો

ભગીરથ પેટ્રોલ પંપ સામે પી.સી.બી.ની કાર્યવાહી: રાજસ્થાનના બે ડ્રાઈવર ઝડપાયા, એક શખ્સ વોન્ટેડ

કાઈમ રિપોર્ટર | રાજકોટ

રાજકોટ શહેર પોલીસે પ્રોહિબિશન વિરોધી અભિયાન હેઠળ વધુ એક મોટી કાર્યવાહી હાથ ધરી છે. અમદાવાદ-રાજકોટ હાઈવે પર ભગીરથ પેટ્રોલ પંપ સામે પી.સી.બી.એ ટ્રકમાં ભરેલો રૂ.44.79 લાખથી વધુ કિંમતનો ઈંગ્લિશ દારૂનો જથ્થો ઝડપી પાડી રાજસ્થાનના બે શખ્સની ધરપકડ કરી છે. જ્યારે દારૂનો જથ્થો મગાવનાર એક આરોપીને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે.

બનાવની પ્રાપ્ત માહિતી મુજબ, પી.સી.બી.ની ટીમ દ્વારા હાથ ધરવામાં આવેલા પેટ્રોલિંગ દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે અમદાવાદ તરફથી રાજકોટ તરફ આવતી ટ્રકમાં મોટી માત્રામાં વિદેશી દારૂનો જથ્થો લઈ જવાઈ રહ્યો છે. જેના આધારે પોલીસે ભગીરથ પેટ્રોલ પંપ સામે હાઈવે પર વોચ ગોઠવી ટ્રકને અટકાવી તપાસ હાથ ધરી હતી.

તપાસ દરમિયાન ટ્રકમાંથી મહારાષ્ટ્રમાં વેચાણ માટેનો ઈંગ્લિશ દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ટ્રકમાંથી એવરગ્રીન રિઝર્વ વ્હિસ્કીની 750 એમએલની 2064 બોટલ, ઓક્સિજન ઓરેન્જ વોડકાની 750 એમએલની 2544 બોટલ તેમજ 180 એમએલની 768 બોટલ મળી કુલ રૂ.34.74 લાખથી વધુ કિંમતનો દારૂ જપ્ત કર્યો હતો. ઉપરાંત ટ્રક અને મોબાઈલ ફોન મળી કુલ રૂ.44,79,912નો મુદ્દામાલ કબજે લેવાયો હતો.

આ કેસમાં પોલીસે રાજસ્થાનના ધોલપુર જિલ્લાના રહેવાસી થાનસિંહ તોતારામ કુશવાહ (ઉ.વ.34) અને ચંદ્રભાણ મેઘસિંહ કુશવાહ (ઉ.વ.29)ની ધરપકડ કરી છે. જ્યારે સુમન ઔતારસિંહ ગુર્જર નામના શખ્સને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી છે. આ સમગ્ર કામગીરીમાં પીઆઈ ગોંડલીયા અને પીએસઆઈ આર.કે. જાડેજા સહિત સહિતના સ્ટાફે હાથ ધરી હતી.

દધ્વર નજીક સર્જાયેલા અકસ્માતમાં વધુ 2 લોકોનાં મોત

કોન્ટ્રાક્ટરની ગુનાહિત બેદરકારીથી ચાર દિવસના બાળકે માતા ગુમાવી

માતા ગુમાવનાર દીકરીનાં મોતથી કરુણાંતિકા સર્જાઈ

કાઈમ રિપોર્ટર | ભુજ

તાલુકાના દધ્વરથી સાધારા જતા રોડ પર પુલિયા માટે ખોદેલા ખાડાને કારણે હસતા રમતા પરિવારનો માળો વિખેરાઈ ગયો છે. વિધિની વક્રતા એ છે કે,કોન્ટ્રાક્ટની બેદરકારીને કારણે થયેલા અકસ્માતમાં દીકરીએ માતાને ગુમાવ્યાના બીજા દિવસે વધુ સારવાર કારગત થાય તે પહેલાં દીકરીએ પણ દમ તોડી દેતા તેના 4 દિવસના દીકરાએ પણ માતાની છત્રછાયા ગુમાવી છે. તેમજ ઈજાગ્રસ્ત થયેલા બાઈકચાલકનું પણ મોત થતા 3 લોકોએ જીવ ગુમાવ્યા છે.

શનિવારે સાંજે દધ્વરથી સાધારા જતા રોડ પર અકસ્માતનો બનાવ બન્યો હતો. જેમાં એક મહિલાનું મોત થયા બાદ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા વધુ બે લોકોના પણ મોત થયા છે. પુલ બનાવવા માટે રોડ પર ખાડો ખોદવામાં આવ્યો હતો, પરંતુ કોન્ટ્રાક્ટર દ્વારા રોડ પર કોઈ આડસ મૂકવામાં આવી ન હતી. જેના કારણે સ્વિફ્ટ કાર ખાડામાં ખાબકી હતી. અને ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા નુરબાઈનું મોત થયું હતું. અકસ્માતમાં કારમાં સવાર મૃતક નુરબાઈની 20 વર્ષીય દીકરી રેહાનાબેન જુમાભાઈને ગંભીર ઈજાઓ પહોંચતા વધુ સારવાર માટે અમદાવાદ લઈ જવામાં આવી રહી હતી. એ દરમિયાન રવિવારે બપોરે એક વાગ્યાના અરસામાં ધ્રાંગધ્રા નજીક વધુ સારવાર મળે તે પહેલા જ તેનું મોત નીપજ્યું હતું. ગુનાહિત બેદરકારીને કારણે માતૃત્વ દિવસના એક દિવસ પહેલાં માતા ગુમાવનાર દીકરીનું પણ બીજા દિવસે મોત થતા તેના 4 દિવસના દીકરાએ માતૃત્વ દિવસે જ માતાને ગુમાવી હતી. આ ઉપરાંત પુલના ખાડા નજીક કરેલા પાળા પર એક બાઈક પણ ભટકાઈ હતી અને તેના પર સવાર લોકો ફંગોળાયા હતા. જેમાં સાધારા ગામના 25 વર્ષીય રસીદભાઈ સુમારભાઈ કલરને ઈજા થતા સ્થાનિક સારવાર બાદ ભુજની હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન રવિવારે સાંજે ચાર વાગ્યે તેનું પણ મોત નીપજ્યું હતું. સમગ્ર મામલે ખાવડા પોલીસ મથકના ઇન્ચાર્જ પીઆઈ એમ.બી.ચાવડા સાથે વાત કરતા તેમણે જણાવ્યું હતું કે,હાલ મૃતકના પરિવારજનો અંતિમવિધિમાં રોકાયેલા છે જે પૂરી થયા બાદ આ મામલે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

ભાસ્કર ઈન્સાઈડ

બાંધકામના નિયમો ઘોળીને પી જવાયા

કચ્છમાં બાંધકામ સાઈટો ઉપર કોન્ટ્રાક્ટરો દ્વારા નિયમોને ઘોળીને પી જવાયા છે. જેના કારણે નિર્દોષ લોકો ભોગ બને છે. સાઈટ પર નિયમોનું ઉલાળિયો થતો હોવા છતાં આર એન્ડ બી અને નેશનલ હાઈવે સહિતના વિભાગના પેટનું પાણી પણ હાલતું નથી. કેટલીક જગ્યાએ સ્થાનિકો હોબાળો કરે અને તે બાદ તેને પણ ચુપ કરાવી દેવામાં આવતા હોય છે. ત્યારે આવી ગુનાહિત બેદરકારીનો ભોગ બનનાર લોકોનાં મોત માટે જવાબદાર સામે કડક કાર્યવાહી અનિવાર્ય છે. ભૂતકાળમાં આવી જ રીતે લખપત તાલુકામાં પુલના કામમાં બેદરકારીના લીધે એક બાઈકચાલકનું મોત થયું હતું.

છૂટાછેડા આપવા પતિએ ફોન પર દબાણ કરતાં પત્નીએ ફાંસો ખાધો

અમદાવાદ । અમદાવાદના ન્યૂ વાસણાના સ્વામિનારાયણ પાર્કમાં રહેતા શ્રેયાંક ઠાકોર સાથે પ્રેમસંબંધ હોવાથી 2 માર્ચ 2025એ લગ્ન કર્યાં હતાં. લગ્નના 2 માસ બાદ ઉર્વીને શ્રેયાંક અને સાસુ રેખાબહેન વચ્ચે ઘરકામ, નોકરી, દહેજ અને પૈસા માટે માથાકૂટ થતી હતી. ત્યારબાદ પતિએ છુટાછેડા માટે ફોન પર 4 મિનિટ વાત કરી ભારે દબાણ કરતાં પરિણીતા ઉર્વીએ પંખા સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

પશ્ચિમ રેલવે
વડોદરા મંડળ

હાલની OHE માં ફેરફાર તથા અન્ય સંબંધિત TRD કામો

ટેન્ડર નં.: EL-TRD-Tender-25-26/36R ભારતના રાષ્ટ્રપતિના તરફથી ડિવિઝનલ રેલવે મેનેજર (ઇલેક્ટ્રિકલ/TRD), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા - 390004 દ્વારા નીચે દર્શાવેલ કામો માટે ટેન્ડર આમંત્રિત કરવામાં આવે છે. ટેન્ડર નં. અને કામનું નામ: EL-TRD-Tender-25-26-36R આણંદ - ગોધરા - હાલના OHE અને અન્ય સંબંધિત TRD કાર્યોમાં ફેરફાર, સદમપુરા ખંગડી, સેવાલિયા અને ટુવા ખાતે હાલના PSR ને દૂર કરવા, ભાવેજ યાર્ડમાં કર્વ નંબર 9 ખાતે હાલના PSR ને દૂર કરવા અને RUB દ્વારા LC નંબર 2, 10, 13, 17, 38, 48, 54A અને 64 ને દૂર કરવા ના સંબંધમાં. કામની અંદાજિત કિંમત: ₹1,73,73,289.40/- બિડ સિક્યોરિટી: ₹3,47,500.00 ટેન્ડર દસ્તાવેજની કિંમત અને પૂર્ણતાનો સમયગાળો: 18 મહિના ટેન્ડર સમયપત્રક: ટેન્ડર બંધ થવાની તારીખ: 10.06.2026 સમય: 15:00 કલાક વેબ પેજ વિગતો અને સ્થાન માટે સૂચના જ્યાં સંપૂર્ણ વિગતો જોઈ શકાય છે અને ઓફિસનું સરનામું અને સ્પષ્ટતા: વેબસાઈટ: www.ireps.gov.in ડિવિઝનલ રેલવે મેનેજર (ઇલેક્ટ્રિકલ/T R D) પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા - 390004

BRC 038

અમને લાઈક કરો facebook.com/WesternRly

SBI | ભારતીય સ્ટેટ બેંક
સ્ટ્રેસ્ડ એસેટ્સ રીકવરી શાખા : પહેલો માળ, એસબીઆઈ જીમખાના રોડ શાખા,જવાહર રોડ, ત્રિકોણ બાગ પાસે, રાજકોટ-૩૬૦ ૦૦૧

સરફેસી એક્ટ પરિશિષ્ટ-૪ એ હેઠળ સ્થાવર મિલકતો ની વેચાણ નોટિસ (જુઓ નિયમ ૮ (૬) ની જોગવાઈ)

ઈ-હરાજી વેચાણ નોટીસ તારીખ ૨૯.૦૫.૨૦૨૬

સિકયોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિકયોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ **સ્થાવર** મિલકતોના વેચાણ માટે ઈ-હરાજી વેચાણ નોટિસ, જે સિકયુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (એન્ફોર્સમેન્ટ રૂલ્સ, ૨૦૦૨) ના નિયમ ૮(૬) ની જોગવાઈ વંચાણે લેતા, આથી જાહેર જનતાને સામાન્ય રીતે અને ખાસ કરીને ઉધારકર્તા (ઓ) અને જામીનદાર (રો) ને નોટિસ આપવામાં આવે છે કે નીચે જણાવેલ **સ્થાવર** મિલકતો સુરક્ષિત લેણદારને ગીરવે મુકેલ/ ચાર્જ કરવામાં આવી છે, જેનો **ભારતીય સ્ટેટ બેંક** સુરક્ષિત લેણદારના અધિકૃત અધિકારી દ્વારા **પ્રત્યક્ષ કબજો** (નીચેના કોષ્ટક મુજબ) લેવામાં આવ્યો છે, તે સુરક્ષિત લેણદારને બાકી રકમની વસુલાત માટે **તા. ૨૯.૦૫.૨૦૨૬ ના રોજ "જ્યાં છે, જેમ છે, જે કાંઈ છે ના આધારે"** ના ધોરણે વેચવામાં આવશે.

ક્રમ નં.	મિલકતનું વર્ણન	વસુલવાપાત્ર લેણી રકમ	કબજાનો પ્રકાર/ તારીખ	ઉધારકર્તા/ જામીનદારોના નામ	ટાઈટલ ડીડ હોલ્ડરના નામ	અનામત કિંમત/ ઈએમડી/ બીડની વધારાની રકમ	નિરીક્ષણની તારીખ અને સમય
૧	ફ્લેટ નં. ૩૦૧ (૩ બીએચકે) : જે ત્રીજો માળ, 'સર્વમ કોમ્પ્લેક્સ, ત્રિલોક પાર્ક, પેરેડાઈઝ હોલ સામે, રૈયા રોડ, રાજકોટ ખાતે સ્થિત છે. બિલ્ટઅપ વિસ્તાર ૮૩.૬૪ (PropertyID: SBIN200013177968)	તા. ૨૨.૦૫.૨૦૨૩ની ડિમાન્ડ નોટિસ મુજબની રકમ રૂ. ૪૭,૭૨,૯૪૬ + તેના ઉપરનું વ્યાજ, કોસ્ટ અને ખર્ચાઓ વગેરે. બાદ રીકવરી રકમ, જો હોય તો	પ્રત્યક્ષ કબજો (૧૮.૦૨.૨૦૨૪)	(૧) સુરેશ રમણીકલાલ ઘઘડા અને (૨) કાંતાબેન રમણીકલાલ ઘઘડા	(૧) સુરેશ રમણીકલાલ ઘઘડા અને (૨) કાંતાબેન રમણીકલાલ ઘઘડા	રૂ. ૪૦,૦૦,૦૦૦ ----- રૂ. ૪,૦૦,૦૦૦ ----- રૂ. ૧૦,૦૦૦	૧૩.૦૫.૨૦૨૬ બપોરે ૦૩.૦૦ થી બપોરે ૦૪.૦૦
૨	૪ બીએચકે ફ્લેટ નં. બી-૩૦૧, વિસ્તાર ૧૮૦.૩૨ સ્કે.મી., ત્રીજો માળ, બી બિલ્ડીંગ, 'વસંત કુંજ', પુષ્કરધામ મેઈન રોડ, કાલાવડ રોડ તરફ, નાના મવા, રાજકોટ - ૩૬૦૦૦૫ ખાતે સ્થિત છે. (PropertyID: SBIN200084999568)	તા. ૦૨.૦૫.૨૦૨૫ની ડિમાન્ડ નોટિસ મુજબની રકમ રૂ. ૧,૬૫,૧૯,૧૮૮ + તેના ઉપરનું વ્યાજ, કોસ્ટ અને ખર્ચાઓ વગેરે. બાદ રીકવરી રકમ, જો હોય તો	પ્રત્યક્ષ કબજો (૦૯.૧૨.૨૦૨૫)	પાયલ સિધ્ધાર્થભાઈ રાવલ ભાષાબિનીબેન ભુપેન્દ્ર રાવલ	(૧) પાયલ સિધ્ધાર્થભાઈ રાવલ, (૨) ભાષાબિનીબેન ભુપેન્દ્ર રાવલ	રૂ. ૧,૩૭,૦૦,૦૦૦ ----- રૂ. ૧૩,૭૦,૦૦૦ ----- રૂ. ૫૦,૦૦૦	૧૬.૦૫.૨૦૨૬ સવારે ૧૧.૩૦ થી બપોરે ૧૨.૩૦
૩	૩ બીએચકે ફ્લેટ : જેનો વિસ્તાર ૭૭.૫૩ સ્કે.મી., ફ્લેટ નં. ૧૦૧, પહેલો માળ, વિણા એપાર્ટમેન્ટ, જાગનાથ પ્લોટ, રોરી નં. ૧૫/ બી, એકલવ્ય કોમ્યુનિટી હોલ સામે, ઢેબુ ગઢવી માર્ગ તરફ, રાજકોટ - ૩૬૦૦૦૧ ખાતે સ્થિત છે. (PropertyID: SBIN200059498065)	તા. ૨૭.૦૫.૨૦૨૫ ની ડિમાન્ડ નોટિસ મુજબની રકમ રૂ. ૪૩,૨૦,૧૯૪ + તેના ઉપરનું વ્યાજ, કોસ્ટ અને ખર્ચાઓ વગેરે. બાદ રીકવરી રકમ, જો હોય તો	પ્રત્યક્ષ કબજો (૨૨.૧૧.૨૦૨૫)	(૧) હેમા ભદ્રેશ મશરૂ અને (૨) ભદ્રેશભાઈ હર્ષદકુમાર મશરૂ	(૧) હેમા ભદ્રેશ મશરૂ અને (૨) ભદ્રેશભાઈ હર્ષદકુમાર મશરૂ	રૂ. ૪૦,૦૦,૦૦૦ ----- રૂ. ૪,૦૦,૦૦૦ ----- રૂ. ૧૦,૦૦૦	૧૬.૦૫.૨૦૨૬ બપોરે ૧.૦૦ થી બપોરે ૨.૦૦
૪	સ્થાવર રહેણાંક મિલકત (૨ બીએચકે) : જે ફ્લેટ નં. બી/૩૦૧, ત્રીજો માળ, બેકબોન રેસિડેન્સી, ૧૫૦ રિંગ રોડ, માધાપર સર્કલ પાસે, રાજકોટ - ૩૬૦ ૦૦૬ ખાતે સ્થિત છે. બિલ્ટ અપ એરિયા : ૫૪.૭૦ સ્કે.મી. (PropertyID: SBIN200058361096)	તા. ૩૦.૧૨.૨૦૨૩ ની ડિમાન્ડ નોટિસ મુજબની રકમ રૂ. ૧૭,૮૨,૭૪૪.૦૦ + તેના ઉપરનું વ્યાજ, કોસ્ટ અને ખર્ચાઓ વગેરે. બાદ રીકવરી રકમ, જો હોય તો	પ્રત્યક્ષ કબજો (૨૩.૦૪.૨૦૨૪)	હાર્દિક શરદચંદ્ર એચા	હાર્દિક શરદચંદ્ર એચા	રૂ. ૧૪,૦૦,૦૦૦ ----- રૂ. ૧,૪૦,૦૦૦ ----- રૂ. ૧૦,૦૦૦	૧૬.૦૫.૨૦૨૬ બપોરે ૩.૦૦ થી બપોરે ૪.૦૦
૫	ફ્લેટ નં. ૪૦૨ (૩ બીએચકે) : જે 'રૂદ્ર પ્રયાગ એપાર્ટમેન્ટ', પેરેડાઈઝ હોલ રોડ, રૈયા રાજકોટ, જેનો બિલ્ટઅપ વિસ્તાર ૧૧૦.૪૯ સ્કે.મી., પ્લોટ નં. ૪, ૫, ૬, ૭, ૧૮, ૧૯, ૨૦ અને ૨૧, રેવન્યુ સર્વે નં. ૧૨૦ પૈકી, ગામ રૈયા, ફાઈનલ પ્લોટ નં. ૬૩૫ પૈકી, ટી.પી. સ્કીમ નં. ૪ (રૈયા) ખાતે સ્થિત છે. (PropertyID: SBIN200050682865)	તા. ૧૯.૦૧.૨૦૨૪ ની ડિમાન્ડ નોટિસ મુજબની રકમ રૂ. ૭૫,૬૦,૪૫૦.૯૯ + તેના ઉપરનું વ્યાજ, કોસ્ટ અને ખર્ચાઓ વગેરે. બાદ રીકવરી રકમ, જો હોય તો	પ્રત્યક્ષ કબજો (૨૨.૦૭.૨૦૨૪)	મનસુખભાઈ રાઘવજીભાઈ સોરઠીયા અને મનસુખભાઈ સોરઠીયા ના કાયદાકીય વારસદારો (૧) નિર્મળાબેન મનસુખભાઈ સોરઠીયા (૨) રૂપલ મનસુખભાઈ સોરઠીયા (૩) રૂર્વીકલ મનસુખભાઈ સોરઠીયા	મનસુખભાઈ રાઘવજીભાઈ સોરઠીયા	રૂ. ૬૦,૦૦,૦૦૦ ----- રૂ. ૬,૦૦,૦૦૦ ----- રૂ. ૨૫,૦૦૦	૧૬.૦૫.૨૦૨૬ સાંજે ૫.૦૦ થી સાંજે ૬.૦૦

ઈ-હરાજીની તારીખ અને સમય : ૨૯.૦૫.૨૦૨૬ સવારે ૧૧:૦૦ થી બપોરે ૪:૦૦ કલાક સુધી - પ્રત્યેક ૧૦ મિનિટના અમર્યાદિત વધારા સહિત, "ઈચ્છુક બિડરો રસ ધરાવતા ઉમેદવારો ભાગ લેવા માટેના પત્ર/ ઉમેદવારી દસ્તાવેજ/ ઈએમડી પ્રુફ નો પુરાવો ઈ-ઓક્શન બંધ થાય તે પહેલા BAANKNET.COM (PSB Alliance) માં પ્રિ-બીડ EMD જમા કરાવી શકે છે. બિડરને BAANKNET.COM બેંક ખાતામાં ચુકવણી પ્રાપ્ત થયા પછી અને ઈ-હરાજી વેબસાઈટમાં આવી માહિતી અપડેટ કર્યા પછી જ પ્રી-બિડ EMD ની ક્રેડિટ આપવામાં આવશે. બેંકીંગ પ્રક્રિયા મુજબ આમાં થોડો સમય લાગી શકે છે અને તેથી બિડરને, તેમના હિતમાં, કોઈપણ છેલ્લી ઘડીની સમસ્યાને ટાળવા માટે પ્રિ-બિડ EMD રકમ અગાઉથી સબમિટ કરવાની સલાહ આપવામાં આવે છે".

તમામ મિલકતો માટેના અધિકૃત અધિકારી : શ્રી અરવિંદકુમાર ઓઝા - મોબાઈલ નંબર ૯૦૦૬૩ ૮૧૨૩૬, શ્રી ભીમા રામ જેંગર - મોબાઈલ નંબર ૭૪૧૨૦ ૪૪૫૪૪
(વિગતો માટે સંપર્ક કરો - શ્રી જયંત મરાઠે - મોબાઈલ નંબર ૭૦૨૮૭ ૮૯૮૮૨, શ્રી ભાસ્કર નિમાજે - મોબાઈલ નંબર ૭૬૦૦૦ ૪૨૩૫૯)

નિયમો અને શરતો : હરાજી અમારી - ઓન-લાઈન પોર્ટલ https://baanknet.com પર છે. ઈ-હરાજી સર્વિસ પ્રોવાઈડર M/s. PSB Alliance Pvt. Ltd. દ્વારા કરવામાં આવશે, જેની રજિસ્ટર્ડ ઓફિસ, ચોથો માળ, મેટ્રો હાઉસ, મહાત્મા ગાંધી રોડ, ધોબી તળાવ, ન્યૂ મરીન લાઈન્સ પાસે, મુંબઈ-૪૦૦૦૨૦ (હેલ્પડેસ્ક નંબર્સ +૯૧૮૨૯૧૨ ૨૦૨૨૦) વેબપોર્ટલ https://baanknet.com પર છે. વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, સિકયોર્ડ ક્રેડિટર વેબસાઈટ https://sbi.bank.in/web/sbi-in-the-news/auction-notices/sarfaesi-and-others માં આપેલી લિંકનો સંદર્ભ લો.

સરફેસી એક્ટ - ૨૦૦૨ અન્વયે ૧૫ દિવસની સ્ટેચ્યુટરી વેચાણ અંગેની નોટિસ

(૧) ઉધારકર્તા/ જામીનદારોને ઉપરોક્ત ઉલ્લેખિત રકમ હરાજીની તારીખ પહેલાં ચૂકવી દેવાની સૂચના આપવામાં આવે છે, જો તે નિષ્ફળ જશે તો મિલકતોની હરાજી કરવામાં આવશે અને બાકીની રકમ જો કોઈ હોય તો તેમની પાસેથી વ્યાજ અને ખર્ચ સાથે કાનૂની રીતે વસુલ કરવામાં આવશે.
(૨) જો આવી વિચારણા માટે જમા થયેલી અથવા ચૂકવવામાં આવેલી રકમની કુલ રકમ રૂ. ૫૦ લાખ કે તેથી વધુ હોય, તો કલમ 194-1-A હેઠળ લાગુ પડતા TDS ચૂકવવાની જવાબદારી સફળ બિડરની રહેશે. Form 26QB ભરીને TDS ઓનલાઈન ફાઈલ કરવો જોઈએ અને Form 16B માં TDS પ્રમાણપત્ર જારી કરવું જોઈએ. ખરીદનાર એ ઈ-હરાજીના ૧૫ દિવસની અંદર સરકારી ખાતામાં આવકવેરો જમા કરાવ્યો હોવાનો પુરાવો રજૂ કરવાનો રહેશે.

તારીખ : ૧૧.૦૫.૨૦૨૬, સ્થળ : રાજકોટ | **(નોંધ : વાદ-વિવાદના કિસ્સામાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલ જાહેરાત માન્ય ગણાશે)** | **સહી/- અધિકૃત અધિકારી, ભારતીય સ્ટેટ બેંક, રાજકોટ**

ભાસ્કર CLASSIFIED

જ્યોતિષ ASTROLOGY
જ્યોતિષ

ટ્યુકડી જાહેરાત માટે સંપર્ક કરો
99090 99123

શિવ ઉપાસક
શિવ મહાકાલ જ્યોતિષ
પ્રેમને લગતી સમસ્યા
મનગમતું મિલન
ચોક્કસ કામ કરનાર-સૌથી મોટા ગુરૂજી
લવ મેરેજ માટે Lover તથા Family પર્મીશન
Online કામમાં ફ્રોડ થાય છે?તો રૂબરૂ મળો
લવ પ્રોબ્લેમ, શત્રુજીત, છૂટાછેડા, સંતાન યોગ લગ્નજીવનમાં કંકાશ, સાસુ-વહુનો ઝઘડો, વ્યસન મુક્તિ, ફસાયેલાં નાણાં, જૂના-તૂટેલા સંબંધ જોડો
અમદાવાદ-ફોન કરીને મળો (વાત ખાનગી)
9873411115 • 9873411117

દિવ્ય ભાસ્કર
સાચી વાત, બેધડક

વાચકોને આ અખબારમાં પ્રસિદ્ધ કોઈપણ જાહેરાતના સંબંધમાં પૈસા મોકલવા, કોઈપણ ખર્ચ ઉઠાવવા અથવા કોઈપણ વાયદા દ્વારા પર અમલ કરતા પહેલા જરૂરી પૂછપરછ કરવા અને યોગ્ય તપાસ કરવાની સલાહ આપવામાં આવે છે. ડીબી કોર્પ લિમિટેડ જાહેરાતકર્તાઓના ઉત્પાદનો અને સેવાઓ માટે કરાયેલ દાવાની જવાબદારી લેતુ નથી. ડીબી કોર્પ લિમિટેડના પ્રિન્ટર, પ્રકાશક, સંપાદક અને માલિક, -જો જાહેરાત આપનાર આવા દાવાનું સન્માન નથી કરતા તો દિવ્ય ભાસ્કર પ્રકાશન સમૂહને કોઈપણ પરિણામ માટે જવાબદાર ગણી શકાશે નહીં.